# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA**

**Website : www.spuvvn.edu** **Phone : 91-02692- 226807**


**Ph.D. Facilitation Centre**

## પરિપત્ર

### પીએચ.ડી. પ્રવેશ ૨૦૨૫-૨૦૨૬ (દ્વિતીય સત્ર)માં પ્રવેશ પાત્ર વિદ્યાર્થીઓના પ્રી પીએચ. ડી કોર્ષ વર્ક બાબતનો પરિપત્ર

આથી પીએચ.ડી. પ્રવેશ ૨૦૨૫-૨૦૨૬ (દ્વિતીય સત્ર)માં પ્રવેશપાત્ર તમામ વિદ્યાર્થીઓને જણાવાનું કે **તા.:૦૧/૦૨/૨૦૨૬ થી તા.: ૦૭/૦૩/૨૦૨૬** દરમ્યાન યુનિવર્સીટીના પીએચ.ડી. ફેસેલીટેશન સેન્ટર દ્વારા કોર્ષવર્કનું આયોજન કરવામાં આવેલ છે. આ કોર્ષવર્ક માટે પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની યાદી યુનિવર્સીટી વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. આ યાદીમાં સમાવેશ થયેલ વિદ્યાર્થીઓને નીચે મુજબની સૂચનાઓ/ વિગતો ધ્યાને લઇ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

**વિદ્યાર્થીઓએ ધ્યાનમાં લેવાની સૂચનાઓ/વિગતો:**

૧) દરેક પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓએ રીસર્ચ એન્ડ પબ્લીકેશન એથીક્સ (RPE) કોર્ષવર્કની ફી **રૂ. ૧૦૦૦/-** https://admission.spuportal.in/ ઉપર Application Number અને Password થી login કરી ભરવાની રહેશે.

૨) દરેક પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓએ **તા.: ૦૨/૦૨/૨૦૨૬** નાં રોજ **સાંજે ૦૪:૫૦** કલાકે યુનિવર્સીટી સદર કોર્ષવર્કમાં રીસર્ચ મેથેડોલોજી (RM)અને રીસર્ચ એન્ડ પબ્લીકેશન એથીક્સ (RPE) માં ઓન લાઈન મોડમાં જોડાવવાનું રહેશે અને હાજરી પણ ઓનલાઈન વર્ગ માં લેવામાં આવશે તેનું ધ્યાન રાખવું.

૩) આ કોર્ષ વર્કમાં જોડવા માટેની Google link તમારા પોતાના ઈ મેલ ઉપર મોકલવવામાં આવશે અને તમે જે ઈ મેલ દ્વારા પોતાનું લોગીન કર્યું હોય તેજ ઈ મેલનો સંપૂર્ણ કોર્ષ વર્ક દરમ્યાન ઉપયોગ કરવાનો રહેશે અને જે વિદ્યાર્થીઓ કોર્ષવર્ક માટે લાયકાત ધરાવતાની યાદી મુજબ જ તેમનું નામ લખવાનું રહેશે અન્યથા અન્ય નામ હશે તો હાજરી ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૪) સદર કોર્ષવર્કમાં રીસર્ચ મેથેડોલોજી (RM) અને રીસર્ચ એન્ડ પબ્લીકેશન એથીક્સ (RPE) નો સમાવેશ થાય છે.

૫) સદર રીસર્ચ એન્ડ પબ્લીકેશન એથીક્સ (RPE) પ્રવેશ પાત્ર દરેક વિદ્યાર્થીઓ માટે ફરજીયાત છે. જે કોર્ષ વર્ક માટે વિદ્યાર્થીએ રૂ. ૧૦૦૦/- કોર્ષ વર્કની ફી **તા.: ૦૧/૦૨/૨૦૨૬ થી તા: ૧૨/૦૨/૨૦૨૬** સુધી portal ઉપર ભરવાની રહેશે. આ ફી ભર્યા બાદ જ વિદ્યાર્થી કોર્ષ વર્કમાં પ્રવેશ ને પાત્ર થશે.

૬) જયારે યુનિવર્સીટી દ્વારા રીસર્ચ એન્ડ પબ્લીકેશન એથીક્સ (RPE)કોર્ષવર્કની ફી ભર્યાની રીસીદ મંગાવવામાં આવે ત્યારે બેકોપી સાથે લાવવાની રહેશે.

૭) **તા: ૦૮/૦૩/૨૦૨૬** ના રોજ કોર્ષ વર્ક ની લેખિત પરીક્ષા **સવારે: ૧૧:૦૦** કલાકે જ્ઞાનોદય (પરીક્ષા ભવન) સરદાર પટેલ યુનિવર્સીટી ખાતે (ઓફ લાઈન મોડમાં) યોજાશે. કોર્ષવર્કની પરીક્ષા આપવા આવો ત્યારે કાઉન્સેલીંગ પત્ર, પરીક્ષાની હોલ ટીકીટ અને રીસર્ચ એન્ડ પબ્લીકેશન એથીક્સ (RPE) કોર્ષવર્કની ફી ભર્યાની રીસીદ અને સરકાર માન્ય કોઈપણ ઓળખપત્ર સાથે અવશ્ય લાવવાનું રહેશે અન્યથા કોર્ષવર્કની પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

૮) R.Ph.D. 9 તેમજ Appendix – 1 મુજબ દરેક કોર્ષમાં દરેક સેશનમાં હાજરી ફરજીયાત છે અને દરેક કોર્ષમાં ૮૦% હાજરી ન હોય તો તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ થવાને પાત્ર છે જે બાબતની અચૂક નોંધ લેવી.

૯) દરેક વિદ્યાર્થીએ રીસર્ચ મેથેડોલોજી (RM) અને રીસર્ચ એન્ડ પબ્લીકેશન એથીક્સ (RPE) Online કોર્ષમાં ઉત્તિર્ણ થયા બાદ જે તે સંબંધકર્તા વિષયના વિભાગ દ્વારા થનાર કોર્ષ વર્ક ફરજીયાત પણે આપવાનો રહેશે જેની માહિતી સંબંધકર્તા વિષયના વિભાગમાંથી મેળવવાની રહેશે.

૧૦) વિદ્યાર્થી દ્વારા રીસર્ચ એન્ડ પબ્લીકેશન એથીક્સ (RPE) અને રીસર્ચ મેથેડોલોજી (RM) કોર્ષ તેમજ વિભાગીય કોર્ષ વર્ક પાસ કર્યા બાદ જ R.Ph.D. 4 (September -2024) મુજબ તેઓનું ફાઈનલ પીએચ. ડી રજીસ્ટ્રેશન કરવામાં આવશે અને તે મુજબ પ્રવેશ મળ્યો ગણાશે. જે વિદ્યાર્થીઓ એક પણ કોર્ષ વર્કમાં નાપાસ થશે તેવા વિદ્યાર્થીઓના પ્રોવિઝિનલ પ્રવેશ આપો આપ રદ થશે જે અંગેની પ્રવેશ પાત્ર વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.

૧૧) પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓને આથી સુચના આપવવામાં આવે છે કે, પીએચ.ડી. પ્રોગ્રામ અંગે યુનિવર્સીટી વેબસાઈટ www.spuvvn.edu/studentscorner/academic-programs/m-phil-ph-d. ના Rules and Regulations for Ph.D. Programme, September 2024 દ્વારા દશાવેલ છે, જેનો અભ્યાસ કરીને આવવાનું રહેશે અને તેની એક નકલ પોતાની પાસે રાખવાની રહેશે.

No. Ph.D. Facilitation Centre/SPU/2025-26/309
Date: 30/01/2026
Vallabh Vidyanagar

Registrar

પ્રતિ,

૧) **નાયબ કુલસચિવ,એકેડીમિક વિભાગ**, સરદાર પટેલ યુનિવર્સીટી

૩) **ડાયરેકટર, કમ્પ્યુટર સેન્ટર**, સરદાર પટેલ યુનિવર્સીટી તરફ વેબસાઈટમાં upload કરવા માટે